**મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**દેવગઢ બારીઆ,જી.દાહોદ.**

**અરજદાર** : જહીરઅલી ગુલમહંમદ મકરાણી
રહે.૫૬,વોહરા ફળિયુ,પાલ્લા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ.

**સામાવાળા** : ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત
૨. જીવદયાધામ પાંજરાપોળ સંચાલક, મુ.ગોધરા,તા.ગોધરા, જી.પંચમહાલ.

**ગુના રજીસ્ટર નંબર** : દેવગઢ બારીઆ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૮૨૧૦૦૫૨૬૦૦૬૭/૨૬

**કબજે કરેલ પશુજીવ** : **ભેંસો (નંગ–૪)**

ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે કબજે કરેલ પશુજીવ ભેંસો (નંગ–૪) મુકત કરવા કરેલ અરજી લગત હુકમ

૧. હાલની અરજી ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે અરજદારે ઉપરોકત જણાવેલ ગુના રજીસ્ટર નંબર થી ગુજરાત પશુ પ્રત્યે ઘાતીયપણુ અટકાવવાનો અધિનીયમની કલમ–૧૧(૧)(ડી),૧૧(૧)(ઈ),૧૧(૧)(એફ),૧૧(૧)(એચ) તથા બી.એન.એસ.૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાના કામે ઉપરોકત જણાવેલ પશુજીવ ભેંસો (નંગ–૪) ની વચગાળાની કસ્ટડી મેળવવા દાખલ કરેલ છે.

૨. સદર અરજીને ક્રિમીનલ પરપુરણ અરજી રજીસ્ટરે નોંધી સદર અરજીના યોગ્ય તે ન્યાય નિર્ણય માટે આ કામના તપાસ કરનાર અધિકારીનો અહેવાલ મંગાવવા નોટીસ કરવામા

આવેલ છે તથા આ કામે પાંજરાપોળ,ગોધરાનાઓને સાંભળવા આવશ્યક જણાય આવતા હોય સદર સંસ્થાને નોટીસ કરવામા આવેલ છે.

૩. આ કામે તપાસ કરનાર અધિકારીનો વિગતવારનો અહેવાલ રજુ થતા તે વંચાણે લેતા જણાવેલ છે કે આ કામના અરજદાર/આરોપીને સદર ભેંસો પરત સોંપવામા આવે તો આ મુંગા પશુઓને કતલખાને મોકલી આપશે કે નહી તે નકારી શકાશે નહી તેમજ નિયમોનુસાર હુકમ કરવા વિનંતી કરેલ છે.

૪. આ કામમાં અરજદાર તર્ફે વિધ્વાન વકીલશ્રી એમ.આઈ.મકરાણીનાઓએ તેઓની અરજીમાં જણાવેલ કારણો મુજબની રજુઆત કરેલ છે.વધુમા તેઓએ મુખ્યત્વે દલીલ કરેલ છે કે સદર પશુઓ તેઓએ એ.પી.એમ.સી.ઘોઘંબામાંથી ખરીદ કરેલ છે અને સદર પશુઓ તેઓ પશુપાલનના વ્યવસાય માટે ખરીદેલ છે. વધુમા તેઓએ રજુઆત કરેલ છે કે સદર ભેંસોને તેઓની મેકસ પીકઅપમા એક સાથે લઈ જઈ ક્રુરતા આચરેલ હોય શકે પરંતુ સદર ભેંસોને તેઓએ કતલખાને લઈ જવાનો કોઈ ઈરાદો નથી. વધુમા તેઓએ દલીલ કરેલ છે કે ફરીયાદ હકીકત વંચાણે લેતા પણ સદર ભેંસો દુધાળા પશુઓ હોવાનો ઉલ્લેખ કરેલ છે જેથી આવા દુધાળા પશુઓને કતલખાને લઈ જવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. વધુમા તેઓએ દલીલ કરેલ છે કે હાલની ફરીયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય પશુજીવ ભેંસો જો પાંજરાપોળમાં રાખવામાં આવશે તો ભેંસો ની સારસંભાળ તથા માવજત યોગ્ય રીતે થઈ શકે તેમ ન હોય તથા અરજદારને પણ આર્થિક નુકશાન થાય તેમ હોય તો તે સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે પશુજીવ ભેંસો ને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.

આ કામે આરોપીના વિ.વ.શ્રી એ નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

જે તમામ ચુકાદાઓ વંચાણે લેવામા આવેલ છે.

1. Panjarapole,Deodar And Etc VS Chakaram Moraj Nat, 1998 CRILJ 1337
2. Arvindkumar Babulal Khandelval Vs State of Gujarat Sp. Criminal Application ( Quashing) no. 5021/2015, Decided on 01/09/2015
3. Multani Hanifbhai Kalubhai Vs State of Gujarat (Supra)

૫. જયારે પાંજરાપોળ તર્ફે નોટીસ બજતા તેઓ તર્ફે એડવોકેટશ્રી હાજર થઈ આંક–૭ થી વિગતવારનો લેખિત વાંધા રજુ કરી સદર પશુઓની વચગાળાની કસ્ટડી પાંજરાપોળ સંસ્થા પાસે રાખવા વિનંતી કરેલ છે. પાંજરાપોળ તર્ફે તેઓના લેખિત વાંધા મુજબની રજુઆત કરવામા આવેલ છે. વધુમા તેઓએ દલીલ કરેલ છે કે સદર પશુઓની કસ્ટડી અરજદારને સોંપવામા આવશે તો તે આજ પ્રકારની ક્રુરતા પશુઓ પર કરી શકે તેમ હોય તથા સદર પશુઓને કતલખાને લઈ જવાના ઈરાદે તેઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ વહન કરતા હોય જેથી પશુઓની વચગાળાની કસ્ટડી અરજદારને ન સોપીને તેઓની સંસ્થાને સોપવા વિનંતી કરેલ છે તેમજ સદર પશુઓના રખરખાવ તથા મેન્ટેનન્સનો કુલ ખર્ચ રૂ.૩૪,૪૦૦/– પાંજરાપોળ સંસ્થાને અપાવવા વિનંતી કરેલ છે.

૬. આ તબકકે સદર અરજીના ન્યાય નિર્ણય કરતા પહેલા નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા Devendra Balubhai Ghotkule Vs. State of Gujarat, 2025 (0) AIJEL-HC 249937 ના ચુકાદામા નામ.ગુજરાત હાઈકોર્ટે Panjarapole,Deodar And Etc VS Chakaram Moraj Nat ના ચુકાદામા આપેલ માર્ગદર્શિકાને ધ્યાને લઈને અવલોકન કરેલ છે કે સદર કાયદાનો મુખ્ય હેતુ પશુ જીવની

જાળવણી અને તેમની સામે થતી ક્રુરતાની શકયતાઓને નાબુદ કરવાનો છે. તથા ટ્રાન્સપોર્ટેશન ઓફ એનીમલ્સ(એમેન્ડમેન્ટ) રૂલ્સ–૨૦૦૧ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ–૧૯૮૯ પર આધાર રાખી અવલોકન કરેલ છે કે જયારે કોઈ પશુને ઉપરોકત જણાવેલા ફરજીયાત કાયદાકીય નિયમોનુ ઉલ્લંઘન કરી એક જગ્યાથી બીજી જગ્યાએ તેનુ વહન કરવામા આવે છે ત્યારે આવા પશુઓને ગેરકાયદેસર હેતુથી લઈ જવામા આવતા હોય તેવુ પ્રબળ અનુમાન કરવામા આવે છે અને આવા સંજોગોમા પશુ જીવની કસ્ટડી અરજદારને પરત સોપવી જોઈએ નહી. સદર ચુકાદાના સબંધિત પેરા નીચે મુજબ છે.

8.3 It is also relevant to note the submission made at the Bar about handing over the custody by relying on judgment of this Court in the case of Manager, Panjarapole, Deodar V Chakaram Moraji Nat and Anr. and Gitaben B. Shah (supra), and more particularly, para 19 is relevant, which is as under:-

Question 5 :

19. Having held that, as a rule, the custody of the animal is not to be given to the panjarapole, it will be for the Court concerned to exercise judicial discretion for the custody of the animal. Though it may not be possible to lay down any precise, clearly defined and sufficiently channelised and inflexible guidelines or rigid formula, the Court, while considering the question of custody should take into consideration and bear in mind the following criteria :-

(A) The prime consideration of the Court should be for the preservation of livestock and elimination of chances of further cruelty to livestock.

(B) The Court should not be unnecessarily guided by emotions and sentiments.

(C) If it is a first offence, unless there are strong reasons to

believe that if the custody of animal is given to accused or owner, the animal will be further exposed to cruelty, the custody should be given to owner or the person from whose possession the animal is taken, on just conditions.

(D) Looking to the nature of trial, unless presence of the animal for identification or other purpose is required, the custody should be given to the owner or person from whose custody the animal is taken, on just conditions.

(E) In case the animal or animals are likely to be forfeited to Government at the conclusion of the trial or their presence is necessary during trial, whether the object can be achieved by imposing appropriate conditions **?**

(F) In case, it is considered necessary to give custody to pinjarapole, following steps shall be taken :

i) Reputation of Panjarapole concerned be as certained with respect to maintenance of animal.

(ii) Undertaking be obtained from Authorities of Pinjarapole that they will maintain and take proper care of the health of animal and further, they will not claim costs, for maintenance of animal from accused or owner of the animal.

(iii) They will not sell or transfer the animal and they will produce the animal as and when they are directed to do so.

(iv) If they fail to produce animal at the conclusion of trial and if the Court so directs, they will pay the compensation for the loss of each animal.

(G) Keeping in view Animal as a muddamal, all efforts should be made to complete the trial expeditiously. Bearing in mind the aforesaid principles, I shall deal with each Applications.

8.4 It is also relevant to consider the judgment of this Court cited

at the Bar by learned advocate for the petitioner in the case of Vadhwan Mahajan Pasnjarapole versus State of Gujarat & Another (Supra), and more particularly, para 4 is relevant, which is as under:

4. Section 35(2) of the Prevention of Cruelty to Animal Act is a special legislation. The question is whether when cattle are seized whether the Magistrate is bound to deliver its custody to the Panjarapole and not to the person who is claiming to be the owner of the same. This matter was considered by the Apex Court in Manager, Panjarapole, Deodar v/s. Chakaram Morarji Nat, reported in 1999 (1) SCC 587. The Apex Court in this case has laid down that the Magistrate has discretion to give interim custody of the Animal to Panjarapole. However, considering the material part of sub .Section 2 of S.35 of the Act the Apex Court held that the Magistrate may direct that the animal concern shall be sent to a Panjarapole. According to the Apex Court sub.section 2 does not say that the Magistrate shall send the animal to Panjarapole. The ward "shall send" under Section 35(2) was considered to be a part of discretion given to the Magistrate if in his discretion he decides to give interim custody to Panjarapole. The Magistrate has discretion to hand over interim custody of the animal to Panjarapole, but he is not bound to hand over custody of animal to Panjarapole in the event of not sending it to an infirmary. In a case where the owner is claiming the custody of the animal Panjarapole has no preferential right. Thus, when the rival claims of Panjarapole and the real owner to the interim custody of the animal are considered the Panjarapole can not claim preferential right of interim custody, in view of this verdict of the Apex Court. In such matters the custody of the animal is given to the owner who is facing prosecution, for which certain guidelines have been laid down by the Apex Court in this case. These guidelines are as under :

(1) The court shall consider the nature and gravity of the offence alleged against the owner;

(2) It shall consider whether it is the first offence alleged or he has been found guilty of offences under the Act earlier;

(3) If the owner is facing the first prosecution under the Act and the animal is not liable to be seized so the owner will have a better claim for the custody of the animal during the prosecution;

(4) The condition in which the animal was found at the time of inspection and seizure is also to be considered by the Court;

(5) The Court has also to consider the possibility of the animal being again subjected to cruelty.

8.5 Consider the above aspect and considering that subsequent to the abovementioned judgments, the Central Government has enacted specific Rules by which it is specifically provided that in case of cruelty of the animal and where the criminal proceedings are pending, the custody of the animals should be handed over to infirmary or Panjarapole or Goshala. It is also relevant to note that submission made at the Bar by learned advocate for respondent No.2, where respondent No.2 has heavily relied upon Transportation of Animals (Amendment) Rules, 2001, and more particularly, Rules 96 and 97 are relevant, which are as under:-

96.Issue of certificate before transportation

- (1) A valid certificate issued by an officer or any person or Animal Welfare Organisation duly recognised and authorised for this purpose by the Animal Welfare Board of India or the Central Government shall be procured by any person making transport of any animal before transportation of such animal verifying that all the relevant Central and State Acts, rules and orders pertaining to the said animals including the rules relating to transport of such animals have been duly complied with and that the animal is not being transported for any

purpose contrary to the provision of any law.

(2) In the absence of such certificate, the carrier shall refuse to accept the consignment for transport. Explanation : For the purpose of this rule the certificate shall be issued in such form as may be specified for this purpose by the Central Government.

97.Cancellation of permit or authorisation for transport-

(1) In the event of contravention or non compliance of any of the rules contained in these rule for transport of animals, if it is pointed out in writing by any officer or persons or Animal Welfare Organisations authorised for this purpose by the Animal Welfare Board of India or the Central Government, then, any permit or authorisation issued for such transport shall be immediately cancelled by the concerned authority and it shall be the duty of the police to stop the further transport even from the intermediary station and proceed against the said offenders and deal with the animal in accordance with law.

(2) The custody of the animals immediately after unloading from the rail wagons, truck or any other vehicle shall be given to the authorised Animal Welfare Organisation if available, till the competent authority or the magistrate having jurisdiction decides about their care and upkeep.

8.6 It is also relevant to refer the judgment of the Honble Apex Court relied by the respondent No.2 in the case of Laxminarayan Modi (supra), whereby the Honble Apex Court has directed all the State Authorities to strictly comply with Transportation of Animals (Amendment) Rules, 2001. Therefore, there is substance in the submission made by respondent No.2 that in violation of abovementioned provisions for animals being transported, in that circumstances, the animals must not be returned to the applicant. It is also relevant to refer the Central Motor Vehicles Rules, 1989 and more particularly, Rule 125(E) is

relevant, which is as under:-

125E: special requirements of motor vehicles transporting livestock.

(1) On and after, the 1st January, 2016, motor vehicles used for transportation of livestock by road shall be in accordance with the specifications of the bureau of Indian standards as provided in IS-14904:007: or IS-5238:2001: Is-5236:1928, as the case may be, as amended from time to time and the transporter or the consigner of the livestock shall follow the code of practice laid down in the respective specification regarding the transport of the livestock.

(2) Subject to sub-rule(1), the motor vehicles for carrying animals shall have permanent partitions in the body of the vehicle so that the animals are carried individually in each partition where the size of the partition shall not be less than the following namely:-

(1) Cows and buffalos = 2 sq.mts.

(ii) Horses and mares = 2.25 sq.mts.

(iii) Sheep and goat = 0.3 sq.mts.

(iv) Pig= 0.6 sq.mts. (v) Poultry = 40 cm sq.

(3) No motor vehicles meant for carrying animals shall be permitted to carry any other goods.

(4) The regional transport Officer shall issue special licences for the motor vehicles meant for carrying animals on the basis of vehicles modified in accordance with the provisions of sub-rule(2)."

The above Rule is heavily relied upon by the respondent No.2 and has some relevance in the facts and circumstances of the present case.

8.7 It is also relevant to refer the judgment of the Honble Apex Court, which is heavily relied by respondent Nos.1 & 2, in the case of A. Nagaraja & Ors . (supra), whereby the Apex Court has extended the scope of Article 21 of the Constitution of India, not only to humans but also to the

animals. It was further observed in this judgment that under Article 48A and 51A of the Constitution of India should also be considered, which imposes a duty upon the State and the citizen to protect the flora and fauna of our country. It is also relevant to refer the judgment of this Court, which is cited by respondent No.2, in the case of Mahisagar Mataji Samaj Seva Trust (supra), wherein it is held that cattle are like human being and they possess life in them, even an animal has right to say that its liberty cannot be deprived of except in accordance. Therefore, considering the abovementioned legal situation and considering the facts of the present case whereby it is found that 10 Cows and 3 calves were loaded in the truck and transported to Pune, Maharashtra, when such truck was intercepted, it is found that no necessary compliance as required under the Rules and law is found in the said truck and therefore, it clearly transpires that such activity was carried out without complying provisions of the abovementioned Act and Rules. When such animals more particularly cows were transported, from the abovementioned Rules & Act, the presumption can be inferred that such animals were taken for slaughtering. Moreover, Rules otherwise provide about the custody to be handed over to the Panjarapole or Goshala as per latest Rules of 2017, and therefore, I found that the both the learned courts below have not committed any error in refusing the request made by the applicant. Therefore also, I found no reason to interfere in the impugned order passed by the courts below which are proper and well reasoned order by exercising my limited under Article 227 of the Constitution of India and under Section 482 of the Criminal Procedure Code.

9. In view of the above, this application is dismissed. Notice is discharged.

૭. હાલના કેસની હકીકત ધ્યાને લેતા સદર અરજીના અરજદાર જહીરઅલી ગુલમહંમદ

મકરાણીએ આ કામની ફરીયાદના તહોમતદાર નં.૧ છે. અરજદાર/આરોપી વિરુધ્ધ સદર પશુ જીવ ભેંસ નંગ–૪ ને દેવગઢ બારીઆ કાપડી મુકામે કતલખાતે લઈ જતા હતા તેવા આક્ષેપ છે. ફરીયાદ મુજબ સદર આરોપી રાજગઢ પાલ્લા વ્હોરા ફળીયા,ગામ–રાજગઢ,તા.ઘોઘંબા,જી.પંચમહાલના રહેવાસી છે તથા અરજદારે સદર પશુજીવ નંગ–૪ નાઓ તેઓની માલીકીના હોવા અંગે ધિ એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમીટી,ઘોઘંબાની તા.૧૮/૦૧/૨૦૨૬ ની પાવતી રજુ કરેલ છે અને ફરીયાદ મુજબ પોલીસે તેઓની અટક તે જ તારીખે દેવગઢ બારીઆ તાલુકામા આવેલ મેન્દ્રા ચોકડી પાસે કરેલ છે.વધુમા ફરીયાદ હકીકત મુજબ પોલીસ સ્ટાફના માણસોએ સદર અરજદાર/આરોપીને તેઓની મેકસ પીકઅપ ઉભુ રાખવા ઈશારો કરતા અરજદાર/આરોપીએ પીકઅપ ઉભુ રાખેલ નહી અને ફુલ સ્પીડમા લઈને ભાગવા જતા પીછો કરી તેઓને પકડેલ છે. આમ સદર પશુઓને આ કામના અરજદાર કયા કારણસર ઘોઘંબાથી દેવગઢ બારીઆ લઈ જતા હતા તે બાબતે પ્રથમદર્શિનીય કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. જેથી પણ હાલના તબકકે અરજદાર/આરોપી સદર પશુજીવ ભેંસ નંગ–૪ ને માત્ર પશુપાલન હેતુથી લઈ જતા હોય તેવુ જણાય આવતુ નથી.

વધુમા સામાવાળા નં.૨ પાંજરાપોળ,શ્રી જીવકલ્યાણ,પાંજરાપોળ ટ્રસ્ટ,ગોધરાનાઓ તર્ફે વિ.વ.શ્રીએ રજુ કરેલ સારવાર સર્ટીફીકેટ ધ્યાને લેતા સદર પશુજીવ ભેંસ પૈકી બે ભેંસની ઉંમર ૧૦ વર્ષ તથા એક ભેંસની ઉંમર ૯ વર્ષ તથા એક ભેંસની ઉંમર ૪.૫ વર્ષ છે. આમ પીકઅપ ગાડીમા એક સાથે ચાર ભેંસોને લઈ જવાથી પશુજીવ ઉપર ક્રુરતા તેમજ માનસીક તેમજ શારીરીક ત્રાસ થયેલ હોય તેવુ હાલના તબકકે પ્રથમદર્શિનીય જણાય આવે છે. જેથી સદર અરજદાર/આરોપીને સદર પશુજીવ પરત કરવામા આવે તો સદર પશુઓ ફરીથી આવી ક્રુરતાનો ભોગ બની શકે તેવી

શકયતાને નકારી શકાય નહી અને પશુ પ્રત્યેનો ઘાતકીપણુ તેમજ ક્રુરતા અટકાવવા અંગેના સદર અધિનિયમનો હેતુ પાર પડશે નહી. વધુમા આ તબકકે સામાવાળા નં.૨ ના વિ.વ.શ્રી.એ દલીલ કરેલ છે કે સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯ ના નિયમ નં. ૧૨૫(ઈ) મુજબ અરજદાર/આરોપી પશુજીવ ટ્રાન્સપોર્ટ કરવા અંગેનુ કોઈ સ્પેશ્યલ લાયસન્સ ધરાવતા નથી તથા સદર ગુનામા કબજે કરેલ મેકસ પીકઅપ વાહન પણ પશુજીવને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે નિયમોનુસાર મોડીફાઈડ કરેલ નથી જેથી અરજદારે સદર નિયમોનો ભંગ કરેલ છે અને તે હકીકતે આ પશુજીવો પર ક્રુરતા આચરેલ છે. આમ દેવેન્દ્રબાલુભાઈ ઘોટકુલે ના ચુકાદામા કરેલ ઉપરોકત ચર્ચા મુજબ સદર નિયમ હાલના કેસની હકીકત તેમજ સંજોગોને સુસંગત હોય લાગુ પડતા હોય સામાવાળા નં.૨ તર્ફે કરેલ ઉપરોકત દલીલ યોગ્ય જણાય આવે છે.

આમ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા તથા સદર કેસની હકીકત અને સંજોગોને ધ્યાને લેતા પશુજીવ ભેંસ નંગ-૪ ની કસ્ટડી હાલના અરજદારને સોંપવી ન્યાયોચીત જણાતી નથી અને પશુજીવની વચગાળાની કસ્ટડી શ્રી જીવકલ્યાણ પાંજરાપોળ ટ્રસ્ટ,ગોધરાની પાસે રહેશે તો પશુઓની યોગ્ય સાર સંભાળ અને સલામતી જળવાઈ રહેશે તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે. વધુમાં, પાંજરાપોળ,ગોધરા તર્ફે સદર પશુઓના રખરખાવ તથા મેન્ટેનન્સ માટે તેઓના લેખિત વાંધાઓમા ચોકકસ ગણતરી કરી કુલ રૂા.૩૪,૪૦૦/- ની માંગણી કરેલ છે પરંતુ સામાવાળા નં.૨ ના લેખિત વાંધામા તેઓ જણાવે છે કે પંચમહાલ જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમીતીના અધ્યક્ષ પંચમહાલ જીલ્લાના કલેકટરશ્રી છે તથા કલેકટરશ્રીના સંયોજનમા જીવકલ્યાણ પાંજરાપોળ ટ્રસ્ટના નામની સામાવાળા નં.૨ ની સંસ્થા ચાલે છે.

જયારે ફરીયાદ હકીકત મુજબ આ કામના અરજદાર/આરોપી ડ્રાયવીગનો ધંધો કરે છે જેથી સદર કાયદાની કલમ ૩૫(૪) ના પ્રોવાયજો મુજબ સદર પશુઓના રખરખાવ તથા મેન્ટેનન્સ તેમજ સારવારનો ખર્ચ અરજદાર કે અન્ય વ્યકિત કરી શકે તેમ ન હોય જેથી સદર પશુઓના નિભાવ તથા મેન્ટેનન્સનો ખર્ચ સામાવાળા નં.ર સંસ્થા અરજદાર પાસેથી લેશે નહી.આમ ઉપરોકત ચર્ચા મુજબ ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબની શરતોને આધિન આખરી હુકમ કરવામા આવે છે.

**<u>-: હુ ક મ : -</u>**

- અરજદારની અરજી આથી નામંજુર કરવામા આવે છે.

**:: સામાવાળા નં.ર સંસ્થાએ નીચેની શરતોનું અચુકપણે પાલન કરવાનુ રહેશે ::**

**૧.** પાંજરાપોળ,ગોધરાનાએ અત્રેની કોર્ટ સમક્ષ તેવી બાંહેધરી આપવી કે તેઓ સદર પશુજીવ ભેંસ નંગ-૪ ની ખુબ જ સારી રીતે સારવાર સંભાળ રાખશે અને દર ત્રણ માસ(એપ્રિલ,જુલાઈ,ઓકટોબર,જાન્યુઆરી)ની ૧૦ તારીખ પહેલા સદર ભેંસોનુ મેડીકલ ચેકઅપ કરાવી અત્રેની કોર્ટમા તેનો રીપોર્ટ અચુકપણે કરવો.

**૨.** પાંજરાપોળ,ગોધરાનાએ સદર ભેંસોની ઓળખ અંગે આપેલ ટેગ નંબર અત્રેની પુર્વ પરવાનગી સીવાય બદલવો નહી તથા આ કામના તપાસ કરનાર અધિકારીએ સદર ટેગીંગ નિયમોનુસાર કરવામા આવેલ છે કે કેમ તેની ખરાઈ કરી દિન-૧૦ મા અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

**૩.** પાંજરાપોળ,ગોધરાનાએ સદર ભેંસોના નિભાવ તેમજ ભરણપોષણ અંગેનો કોઈ ખર્ચ અરજદાર કે અન્ય વ્યકિત પાસેથી લેશે નહી.

**૪.** પાંજરાપોળ,ગોધરા આખરી નિકાલ સુધી સદર ભેંસોની યોગ્ય જાળવણી કરશે અને જરુર પડયેથી કોર્ટ સમક્ષ રજુ કરશે.

**૫.** વચગાળાની કસ્ટડીમા સોપવામા આવેલ સદરહુ ભેંસ નંગ–૪ કોઈ કારણસર મૃત્યુ પામે તો તેની જાણ આવા મૃત્યુના દિન–૩ મા અત્રેની કોર્ટમા કરવી તથા નિયમોનુસાર સદર પશુજીવનુ પોસ્ટ મોર્ટમ કરી તે રીપોર્ટ તાકીદે અત્રેની અદાલતમા રજુ કરવો.

સદર હુકમની જાણ હુકમ મુજબની કાર્યવાહી કરવા માટે ત.ક.અમલદાર તેમજ શ્રી જવકલ્યાણ પાંજરાપોળ ટ્રસ્ટ,ગોધરાને તાકીદે કરવી.

હુકમ આજરોજ તારીખ ૦૬/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

દેવગઢ બારીઆ
તા. ૦૬/૦૩/૨૦૨૬

(એસ.આર. વકીલ)
જ્યુડી. મેજી. ફ. ક.
દેવગઢ બારીઆ
જીજે૦૧૫૩૭